મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૯ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૭ ટકા
ગાંધીનગર તાપમાન

ખાનગી તબીબોની હડતાળથી સિવિલમાં દર્દીઓનો ધસારો

તમામ ઓપરેશનો રદ કર્યા અને ઈમરજન્સી સેવા માટે દર્દીઓને સિવિલ હોસ્પિટલમાં મોકલાયા



ગાંધીનગર, તા.૨૨

ફાયર એનઓસી, આઈસીયુ ફરજિયાત ગ્રાઉન્ડ ફલોર ઉપર રાખવા સહિતના નિયમોના વિરોધમાં ગાંધીનગર સહિત રાજયભરના ખાનગી તબીકોએ આજે એક દિવસની હડતાળ પાડી હતી. ગાંધીનગરમાં તમામ ખાનગી હોસ્પિટલો બંધ રહેતા દર્દીઓને હાલાકી પણ પડી હતી. ઈમરજન્સી કેસને સિવિલ હોસ્પિટલમાં ડાયવર્ટ કરાયા હતા. સવારથી શહેરની તમામ ખાનગી હોસ્પિટલોમાં ઓપીડી અને ઈમરજન્સી સહિતની તમામ સારવાર બંધ થઈ જતાં ખાનગી દવાખાનાઓ સુમસામ ભાસી રહયા હતા. ખાનગી તબીબો પાસે નિયમિત દવા લેતા દર્દીઓ રઝળી પડયા હતા. ખાનગી તબીબોની હડતાળને કારણે દર્દીઓ સરકારી હોસ્પિટલના ભરોસે મુકાઈ ગયા હતા. જેને કારણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ભારે ભીડ જામી હતી. વરસાદી સીઝનને કારણે તાવ, શરદી, ઉધરસ જેવી વાઈરલ બિમારી ભરડો લઈ રહી છે ત્યારે ખાનગી તબીબોની હડતાળથી મુશ્કેલીમાં મુકાયેલા દર્દીઓએ દવા માટે સરકારી હોસ્પીટલની રાહ પકડી હતી. જેને કારણે સિવિલ હોસ્પિટલના તબીબો ઉપર કામનું ભારણ પણ વધી ગયું હતું. ખાનગી તબીબોની હડતાળ બાબતે સરકાર તરફથી કોઈ પ્રતિક્રિયા કરવામાં આવી નથી જેથી તબીબોમાં રોષની લાગણી પણ વ્યાપી રહી છે. કોરોના કાળમાં ફરજ બજાવતાં ડોકટરોને ભગવાન તરીકે બિરૂદ આપવામાં આવ્યું અને હેલીકોપ્ટર દ્વારા ફુલોનો વરસાદ કરવામાં આવ્યો હતો ત્યારે હાલમાં તબીબોની લાગણી દુભાઈ રહી છે. તબીબો હડતાળ પર આવી ગયા છે ત્યારે તેમની સમસ્યાઓને કોણ સાંભળશે તેવું ગાંધીનગરના એક ખાનગી તબીકે જણાવ્યું હતું અને સરકાર પાસે ન્યાય મળશે તેવી આશા વ્યક્ત કરી હતી.

જન્મદિને વધામણી

પરમ પી. શુક્લ

શીતલબેન કે. તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧

ભાવસાર નિષ્ઠા એમ
મો. ૯૭૨૪૪ ૧૯૫૭૧

જૈનિલકુમાર કે. તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧

દિવ્યાંગ હર્ષદરાય જોષી
મો. ૯૭૨૭૭ ૨૩૯૯૯

સાહિલ રાઠોડ
મો. ૯૬૦૧૦ ૦૬૦૭૬

મીત નાયક

રિઝવાનભાઈ મન્સુરી
મો. ૯૯૨૪૫ ૩૦૦૪૨

પંકજ ગાંધી

મહેશ ધનવાણી

અદિતિ શાહ

આયુ અલ્પેશભાઈ ચૌહાણ

રાજેન્દ્ર કે.પારેખ

એસ.કે.પટેલ કે.જી.ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં સ્પોંચ એક્ટીવીટી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે.પટેલ કેજી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં સ્પોંચ એક્ટિવિટી કરવામાં આવી હતી. જેમાં નાના નાના ભૂલકાંઓએ નોટબુકમાં સ્પોંચને કલરમાં ડીપ કરીને અલગ અલગ ટ્રી, ફિશ, બટરફલાય સન, ટ્રેન વગેરે ડીઝાઈન બનાવી હતી અને બાળકોએ એક્ટિવિટી કરીને અનેરો આનંદ પ્રાપ્ત કર્યો હતો.

વેદ ઇન્ટરનેશનલ સ્કૂલના ઈકો ક્લબના વિદ્યાર્થીઓ માટે

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા હેલ્થ અવેરનેસનો કાર્યક્રમ યોજાયો

લાયન્સ ક્લબ ફેમિના ના પ્રમુખ ડિમ્પલબેન દેસાઈ તથા લાયન્સ બહેનોની ટીમ દ્વારા વેદ ઇન્ટરનેશનલ સ્કૂલના બાળકોને સરગાસણમાં ચાલતી 'હરીઆલય' અને 'દેવઆલય' સાઈડ પર લાવી ચોમાસામાં વરસાદનું પાણી ભરાવાથી જુદી જુદી જાતના મચ્છરો ઉત્પન્ન થાય છે જેવા કે ડેન્ગ્યુ ,મલેરીયા, ચિકનગુનિયા, વાયરલ ઈન્ફેક્શન જેવા રોગો વિશે માહિતી આપી તથા તેમનાથી બચવા માટેના ઉપાયો વિશે જાણકારી આપી બાળકો પાસે જ મચ્છરોના નાશ માટેની દવાનો ઉપયોગ કરાવ્યો અને વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

મૂક બધિર શાળાના બાળકોને જમણવાર કરાવી જન્મ દિવસની અનોખી ઊજવણી

ગાંધીનગર, તા.૨૨

દરેક વ્યક્તિ માટે જન્મ દિવસ એટલે આનંદનો પ્રસંગ હોય છે. એ આનંદમાં જ્યારે સામાજિક કે શારીરિક અને માનસિક રીતે અસ્વસ્થ બાળકોને સમાવી લેવામાં આવે ત્યારે આનંદ બેવડાઈ જતો હોય છે. જાણીતા બિલ્ડર મલય પટેલના મમ્મી ગીતાબહેનના જન્મ દિવસની ઊજવણી સમર્પણ મૂક બધિર શાળાના બાળકો વચ્ચે કરવામાં આવી હતી.

ગાંધીનગરના ઝંકાર પટેલ દ્વારા એમનાં સાસુ ગીતાબહેનનો જન્મ દિવસ એમણે સમર્પણ મૂક બધિર શાળાના બાળકોને જમણવાર કરાવી ઉજવ્યો હતો. તેઓ પરિવાર સાથે મોટેરા અમદાવાદથી ખાસ એમની બે નાની દીકરીઓ હરિશ્રી અને વેદાશ્રી સાથે જોડાયા હતાં જેથી બાળકોમાં પણ સેવાનાં સંસ્કાર અંકુરિત થાય.

સમર્પણ શાળાના ટ્રસ્ટી વૈભવ જાની અને પારસમણિ ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાત પણ આ ઉમદા કાર્યમાં જોડાયા હતા અને પોતના હાથે બાળકોને મીઠાઈ ખવડાવી હતી. સમર્પણ મૂક બધિર શાળા વર્ષોથી આવા બાળકોની સેવા કરી રહી છે.

એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલમાં સહ અભ્યાસક પ્રવૃતિનું આયોજન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલમાં ધો.૫ વિષય ગુજરાતીની સહ અભ્યાસિક પ્રવૃતિ અંતર્ગત બર્થડે કાર્ડ અને બર્થ ડે તોરણ બનાવવાની પ્રવૃતિમાં વિદ્યાર્થીની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના શિક્ષક દક્ષાબેન પટેલ, દર્શિકાબેન પટેલ, પુષ્પાબેન ચારેલે આયોજન કર્યું હતું. સુપરવાઈઝર સંગીતાબેન પટેલે માર્ગદર્શન આપ્યું હતું અને આચાર્ય નીરૂબેન પટેલે ભાગ લેનાર વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

આજે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની જાહેરસભા યોજાશે

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિહ બિહોલાના અધ્યક્ષ સ્થાને તા ૨૩-૭-૨૦૨૨ ને શનિવારે સવારે ૯-૩૦ કલાકે સેકટર ૧૨ ઉમિયા માતાજી મંદિર ખાતે કોમયુટી હોલમાં શહેરના પડતર પ્રશ્નો અને સરકારમાં સંબંધિત નિવૃત્ત કર્મચારીઓ અધિકારીઓએ રાહત દરે મળેલ પ્લોટ પર બનાવવામાં આવેલ મકાન વેચાણ મંજૂરી અંગે પેડીગ અરજીઓનુ નિરાકરણ લાવવા માટે સરકારમાં ઉચ્ચ કક્ષાએ રજુઆત અને આવેદનપત્ર આપવા અંગે આયોજન ચર્ચા કરવા માટે એક જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે આ સભામાં નિવૃત્ત કર્મચારીઓ અધિકારીઓ શહેરના નાગરિકો આગેવાનો વસાહત મહાસંઘના તમામ પદાધિકારીઓ સંલગ્ન હાજર રહેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

જે.બી.પ્રાથમિક શાળા દ્વારા રંગીન કાગળમાંથી હોડી વિમાન અને ફેમિલી ચાર્ટ બનાવવાની સ્પર્ધા યોજાઈ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળાના ધો.૧થી પના વિદ્યાર્થીઓ માટે રંગીન કાગળમાંથી હોડી, વિમાન બનાવવાની તથા ધો.૩માં રંગીન કાગળમાંથી અલગ અલગ આકારો બનાવી ફેમીલી ચાર્ટ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વર્ગના કુલ ૧૯૪ વિદ્યાર્થીઓને ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ રંગીન કાગળની મદદથી ક્રિએટીવ ડીઝાઈન બનાવી ફેમીલી ચાર્ટ અને વિમાન તથા હોડીઓ બનાવી હતી. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

'ત્રિદલ' સંસ્થાની ૨૪મીએ બેઠક

ગાંધીનગર, તા. ૨૨

'ત્રિદલ' સંસ્થાની જુલાઈ માસની બેઠક તારીખ ૨૪-૭-૨૦૨૨ને ચોથા રવિવારે સાંજે ૫ કલાકે ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેક્ટર-૨૧ ખાતે મળશે. ગુજરાતી ભાષાના વરિષ્ઠ સાહિત્યકાર, કવિ હરિકૃષ્ણ પાઠક 'કાવ્યસર્જન સામેના પડકારો' વિષયે વાર્તાલાપ આપશે.

નવા કોબા ક્લસ્ટરની ભાટ પ્રાથમિક શાળામાં બાળસંસદ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સે-૨ સ્વામિનારાયણ મંદિરે રવિવારથી હિંડોળા યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

શ્રી સ્વામિનારાયણ મંદિર સે. ૨ ગાંધીનગર ખાતે તા. ૨૪-૭-૨૦૨૨ને રવિવારથી હિરના હિંડોળા, ઝુલતા હિંડોળા, બારબારણાના હિંડોળા, ભવ્ય અક્ષર ઓરડી, વિશાળ ઝુલા ઉપર ઝુલતા ઠાકોરજી, ચકડોળમાં ઝુલતા ઠાકોરજી, સ્વહસ્તે શ્રીનિલકંઠવર્ણિને જળાભિષેક માણકી ઘોડીના તેમજ અન્ય કલાત્મક ૨૪ હિંડોળાના દર્શન-પ્રદર્શનનું આયોજન કર્યુ છે. આ કાર્યક્રમને પરીપૂર્ણ કરવા યુવક મંડળના ૨૫ ભાઈઓ અને ૩૦ બહેનોએ સતત મહેનત કરી કલાત્મ હિંડોળા, પેન્ટીંગ વગેરેની સેવાઓ આપી રહ્યા છે. આ શુભ પ્રસંગનું ઉદ્‌ઘાટન પ.પ. ભાવિઆચાર્ય ૧૦૮ વજેન્દ્રપ્રસાદજી મહારાજના વરદહસ્તે તા. ૨૪-૭-૨૨ને રવિવારે સાંજે ૬ કલાકે થનાર છે.

આ હિંડોળા પ્રદર્શની તા. ૨૪-૭-૨૨થી ૨૭-૭-૨૨ સુધી ચાલુ રહેવાની છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પાઠક હર્ષદા યશવંતરાય** ઉ.વ.૬૧, સુઘડ
- **સ્વ.વાઘેલા ભીખાજી ગાંડાજી** ઉ.વ.૬૮, ગોલથરા, કલોલ
- **સ્વ.રામાનુજ જસવંતી અમૃતલાલ** ઉ.વ.૮૧, સેકટર-૨
- **સ્વ.ચૌહાણ ચેતનાબેન અંબાલાલ** ઉ.વ. ૩૬, હાલીસા, દહેગામ

● રૂદ્રભુમિ ●

- **સ્વ.મેહતા પ્રફુલકુમાર રતિલાલ** ઉ.વ.૪૯, અડાલજ